# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: તૌફીક સમા**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૨૨-૦૫-૨૦૨૪ બુધવાર                    સમય : સાંજે ૬:25 કલાકે**

---

## ડ્રાઈવિંગ લાયસન્સના નિયમો:

કેન્દ્રના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા ભારતમાં ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા માટેના નવા નિયમો જાહેર કરાયા છે જેનો અમલ પહેલી જુન ૨૦૨૪ થી થશે. સરકાર હસ્તકની આરટીઓ ને બદલે, ખાનગી ડ્રાઈવિંગ સેન્ટર ખાતે ડ્રાઈવિંગ ટેસ્ટ આપીને ડ્રાઈવિંગ લાયસન્સ મેળવી શકાશે.

સરકાર દ્વારા સ્વચ્છ પર્યાવરણી જાળવણી પર વધુ ધ્યાન આપવાનાં ભાગ રૂપે જુના નવ લાખ સરકારી વાહનોનો નિકાલ કરવામાં આવશે તેમજ કારમાંથી ઉત્સર્જીત થતા કાર્બનને નિયંત્રિત રાખવા નવા નિયમોનો કડક અમલ થશે. નિયમોના ભંગ કરનારાઓ માટે આકરા દંડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં નિયત કરતા વધારે ઝડપથી વાહન ચલાવનારાઓને રૂપિયા એક હજાર થી ૨ હજાર સુધીનો દંડ થશે. જો કોઈ સગીર ડ્રાઈવિંગ કરતા પકડાશે તો તેને રૂપિયા ૨૫ હજારનો દંડ થશે. સગીર ૨૫ વર્ષ સુધી લાયસન્સ મેળવવા માટે અયોગ્ય ઠરાવાશે. ઉપરાંત વાહનના માલિકનો રજીસ્ટ્રેશન કાર્ડ રદ થશે.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## પ્રિમોન્સુન કામગીરી-ભુજ:

આગામી ચોમાસાના આગોતરા આયોજન રૂપે ભુજ નગર પાલિકા દ્વારા ભુજ શહેરમાં પ્રિમોન્સુન કામગીરી અંતર્ગત વિવિધ આશ્રય સ્થાનો નક્કી કારાયા છે. ખાસ કરીને વરસાદના પાણીનો વધુ ભરાવો થાય છે તેવા વિસ્તારમાં બચાવ કાર્ય જડપથી થઇ શકે તેમજ લોકોનું ઝડપથી સ્થળાંતર થઇ શકે તે માટે તંત્ર દ્વારા પગલાં લેવાયા છે. જેના ભાગ રૂપે કુલ સાત શાળા અને એક શેલ્ટર હોમ મળી કુલ ૧૧૧ ઓરડાઓ સુનિશ્ચિત કરાયા છે. જેમાં જરૂર પડે ત્યારે ૧૦૨૦ લોકોને આ શાળા અને શેલ્ટર હોમમાં આશ્રય આપી શકાશે.

આ ઉપરાંત પ્રાથમિક સુવિધાઓ જેવી કે ભોજનની વ્યવસ્થા વગેરે માટે અગાઉથી જ સેવાભાવી સંસ્થાઓ અને સ્થાનિક આગેવાનોની મદદ લેવા જરૂરી આયોજન અને તૈયારી કરવાની જીલ્લા કલેકટર દ્વારા સુચના આપવામાં આવી છે.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## હવામાન:

કચ્છ સહીત સમગ્ર ગુજરાતમાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. જયારે હવામાન વિભાગે આગામી ૨૫ તારીખ સુધી ગરમીને લઈને વિવિધ જિલ્લાઓમાં એલર્ટ જાહેર કર્યા છે. કચ્છમાં પણ હીટવેવની સંભાવનાને પગલે હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ત્યારે આજે તાલુકા મથક ભુજમાં સીઝન નું સૌથી વધુ ૪૪.૩ ડીગ્રી તાપમાન નોંધાયું છે. લોકોને બપોરના સમયે જરૂર ન હોય તો બહાર ન નીકળવું, વધુ પાણી પીવું, સુતરાઉ કપડા પહેરવા, તડકાથી શરીર ને બચાવવું વગેરે જેવી માર્ગદર્શિકા જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા બહાર પાડવામાં આવી છે.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## ગાંધીધામ-શ્રમ આયોગ:

ઉનાળાના પ્રખર તાપમાં ઔદ્યોગિક એકમમાં કામ કરતા શ્રમિ કો માટે ગાંધીધામ શ્રમ આયુક્ત વિભાગ દ્વારા માર્ગદર્શિકા જારી કરવામાં આવી હતી. શ્રમ આયુક્ત વિભાગે યાદીમાં જણાવ્યું હતું કે, કાર્યના સ્થળે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા કરવી જોઈએ. સાથોસાથ તમામ કામદાર માટે શુદ્ધ પાણી , છાશ, ઓ.આર.એસ., બરફના પેક , પ્રાથમિક સારવારની પેટીની વ્યવસ્થા રાખવી.

સખત ગરમીમાં શ્રમિકો માટે દર 15-20 મિનિટે પાણી પીવું જરૂરી છે. કાર્ય કરતી વખતે સીધો સૂર્યપ્રકાશ આવે તેવી સ્થિતિ ટાળવી , સખત મહેનતનું કામ દિવસના ઠંડા સમયે ગોઠવવા. કામદારોને હીટવેવ એલર્ટ વિશે માહિતગાર કરવા. પંખાનો ઉપયોગ કરવા , અયોગ્ય વેન્ટિલેશનવાળા સ્થળોએ કામ ન કરાવવું. જો કોઇ વ્યક્તિને લૂ લાગી હોય તો પ્રાથમિક સારવાર માટે ભીના કપડાનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડો. શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે ઓ.આર.એસ. અથવા લીંબુ સરબત જેવું પ્રવાહી આપવા જણાવાયું છે.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## ધો.૧૦ અને ૧૨-પુરક પરીક્ષા:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બૉર્ડ ધોરણ 10 અને ધોરણ 12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહની પૂરક પરીક્ષા માટેની

ઑનલાઈન આવેદન કરવાની તથા ફી ભરવાની કામગીરી કરવા માટેની અંતિમ તારીખ એક દિવસ લંબાવીને 23 મે સુધી કરી છે.

ધોરણ 10માં ત્રણ અને ધોરણ 12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહમાં બે વિષયમાં ગેરહાજર કે નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે.

(RNU અમદાવાદ)

---

## દૂધ ઉત્પાદનમાં ઘટાડો:

જીલ્લામાં મોટા ભાગનું પશુધન આવેલું છે તેવા બન્ની , ખાવડા, અબડાસા અને લખપત વિસ્તારમાં ગરમીનો પારો ઉંચો જવાની સીધી અસર દૂધ ઉત્પાદન પર થ ઈ છે. કચ્છમાં ભેંસનું સરેરાશ દરરોજ 12 થી 15 લીટર દૂધનું ઉત્પાદન થાય છે પરંતુ ઉનાળા દરમિયાન માગના પ્રમાણમાં જથ્થો ઓછો મળે છે.

અમુલ ડેરીના વાઇસ ચેરમેન વલમજી હુમ્બલે જણાવ્યું હતું કે, ઉનાળા દરમિયાન જીલ્લામાં ગરમીને કારણે દરરોજ સરેરાશ 5 લાખ 50 હજાર લિટર દૂધ સહકારી મંડળીઓ દ્વારા ડેરી માટે ખરીદવામાં આવતું હતું. જે હાલ સવા ચાર લાખ લિટર મળે છે.

(સ્થાનિક સમાચારપત્ર)

---